<u>**ક્રિમીનલ કેસ નં. 3198–2025**</u>

## <u>આંક – ૦૧ લગત હુકમ</u>

(૧) હાલના કામના **આરોપી:– સુરેશભાઇ મડીયાભાઇ માવી ,રહે. રાબડાળ, તા.જી.દાહોદ**વાળા વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ , ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(એ) હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબના ગુનાનુ પોલીસ દવારા ચાર્ઝશીટ ફાઇલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિના મુલ્યે પેપર્સની નકલો આપેલ અને આરોપી સ્વેચ્છાએ કબુલાત આપવાનુ કહેતા હોય, તેમને તે બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છીક તથા કોઇપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી આજરોજ આરોપીની **આંક –૦૫ પ્લી** રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) **આંક – ૦૬ થી આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે,** આ તેઓનો પ્રથમ ગુનો છે અને ભુતકાળમાં કોઇ ગુનો કરેલ નથી અને રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળે તે હેતુથી કબુલાત આપે છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છીક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવુ કૃત્ય નહી કરવાનુ કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

આમ, હાલના કેસમાં કોર્ટ દવારા ગુજરાત હાઇકોર્ટ ૨૦૦૫ (૧) જી.એલ.આર ૭૦૯ ગુજરાત સ્ટેટ વિરુધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઇ તથા આરોપીઓના સંજોગો ધ્યાને લઇ તેને સુધરછાની તક આપી ન્યાયોચીત જણાતુ હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### –: આખરી હુકમ :–

આ કામના **આરપી સુરેશભાઇ મડીયાભાઇ માવી ,રહે. રાબડાળ, તા.જી.દાહોદ**વાળાને ભારતીય ન્યાય નાગરીક સુરક્ષા સંહિતા– ૨૦૨૩ ની કલમ –૨૬૪ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ – **૬૫(એ)(એ)** મુજબના ગુન્હામાં આરોપીને તકસીરવાન ઠરાવી કોટ" ઉઠતા સુધીની સજા તથા રૂ. ૧૦૦/– ( અંકે રૂપિયા સો) પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રકમ જમા ન કરે તો દિન –૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૪ મી, માહે. માર્ચ, સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોકઅદાલતમાં મારી સહી કરી જાહેર કયો".

તા. ૧૪/૦૩/૨૦૨૬ ( કરણ પી. યાદવ )

સ્થળ :– દાહોદ જયુડી. મેજી. ફ.ક.દાહોદ

જીજે.૦૧૬૭૭